R.N.I. No. : GUJGUJ/2000/447-

અયૂબ ૪૦ : ૧૯

Ahmedabad Jurisdiction

# નવક્રાન્તિ

અમદાવાદથી દર શનિવારે પ્રસિદ્ધ થતુ સાપ્તાહિક

તંત્રી : રોબિન ધોળકીયા • સહતંત્રીઃ પ્રકાશ ધોળકીયા

વેબ સાઈટ : http:// jagadishchristian.com email:garvinavkranti @ yahoo.com

(મો)૯૮૨૫૧૬૯૩૮૬


આપનું લવાજમ બાકી છે ?(હા)- (ના) (સરનામાનું સ્ટીકર ઉખાડયા વગર પરત કરો)

If undelivered pl. return to;
કાર્યાલય :૨/૧૦ સોનિયા એપાર્ટમેન્ટ પી.ટી.કોલેજરોડ,નારાયણનગર પાલડી,અમદાવાદ-૭

YEAR-25 • ISSUE: 47 DATE: 19-11-16• SATURDAY • PAGES : 4 • PRICE Rs. One • YERLY-SUB:Rs. 60/-

## નોટો પાછી ખેચવાથી દેશમાં આર્થિક અરાજકતા : શિવસેના

કાળા નાંણાને નાથવા માટે લોકોને સહયોગ કરવાની વડાપ્રધાન મોદીની ભાવનાત્મક અપીલ છતાં ભાજપના જ સાથી પક્ષ શિવસેનાએ ચલણી નોટો પાછી ખેચી લેવાના તેમના નિર્ણયને અરાજક અને અવ્યવસ્થિત ગણાવ્યો છે.તેમણે કહ્યુ હતું કે આને કારણે દેશમાં આર્થિક અરાજકતાની સ્થિતિ સર્જાઇ છે.મોદીએ પાકિસ્તાન સામે પ્રહારો કરવાને બદલે ભારતીય નાગરિકોને જ ધાયલ કરી દીધા છે. જેની પાસે કોઈ પ્રકારનું કાળું નાણું નથી અને જે લોકો પાસે ખરેખર બ્લેક મની છે તેઓ અને સલામત રીતે



વિદેશી બેંકોમાં જમા કરી છુક્યા છે.તેમ શિવસેનાએ તેના મુખપત્ર સામનામાં જણાવ્યું છે.

૧૨૫ કરોડ ભારતીય નાગરિકો ભોજન અને પાણી વગર ગરમીમાં લાઈનમાં ઊભા છે. શું તમે એમની પાસેથી ભવિષ્યમાં સમર્થનની આશા રાખો છો ? તેવો સવાલ કરતાં શિવસેનાએ કહ્યુ હતું કે શું તમે લોકોને રોડ પર આવવા માટે મજબુર કરીને તેમને આપેલા આર્શીવાદની ચુકવણી કરી રહ્યાછો ? આ એ લોકો સાથે મોટો દગો છે.

ભ્રષ્ટાચાર એક પ્રવૃત્તિ છે અને તે જ્યાં સુધી જડમુળમાંથી નાબુદ ના થાય ત્યાં સુધી કાળા નાંણાનો રોગ જવાનો નથી.સામનાના અગ્રલેખમાં શિવસેના તરફથી લખવામાં આવ્યુ હતું કે વડાપ્રધાનની કાળા નાંણા પર કરવામાં આવેલી સર્જીકલ સ્ટાઈક સફળ થશે કે કેમ તે કહેવું વહેલું છે.

શિવસેનાએ કહ્યુ હતું કે ગત માસમાં પાકિસ્તાનની કબજા હેઠળના કાશ્મીરમાં દહેશતવાદી કેમ્પો પર અચાનક સર્જીકલ સ્ટ્રાઈક કરી વડાપ્રધાને આંચકો આપ્યો હતો.હવે તેમણે દેશમાં રહેલા કાળા નાણાં પર સર્જીકલ સ્ટ્રાઈક કરીને વધુ એક જોર કા ઝટકા ધીરે સે મારા હૈ. ૫૦૦ અને ૧૦૦૦ રુપીયાની નોટ મધરાતે ચલણમાંથી રદ કરીને મોદીએ આખા દેશમાં એક ખલબલી મચાવી દીધી છે.આ ખલબલી મચવી સ્વાભાવિક છે કેમકે આ હુમલો અચાનક કરવામાં આવ્યો છે.

આ જાહેરાત અચાનક થઈ હોવાથી સામાન્ય નાગરિકોને થોડી અડચણ થશે તે સ્વીકારીએ તો પણ વડાપ્રધાને કહયા મુજબ કાળા નાણાં ભ્રષ્ટાચાર અને બનાવટી નોટો સામે છેડેલા યુધ્ધમાં સામાન્ય માણસનો જેટલો સહકાર મળશે તેટલો વહેલો વિજય ગણાશે.

સર્જીકલ સ્ટ્રાઈક કર્યા બાદ સરહદે સંઘર્ષવિરામનો ભંગ થઈ રહ્યો છે અને હવે સમય કહેશે કે બ્લેક મની અંગે મોદીએ લીધેલા પગલાં સફળ થશે કે કેમ ?રાજ્ય સરકારમાં ભાજપના સાથી પક્ષે કહયું હતુ કે ભંડોળના ગેરકાયદે વેપાર પર અંકુશ મુકવા માટે કાળા નાણા સામેની મોદીની બીજી સ્ટ્રાઈક કેટલી સફળ થાય છે તે અંગે તમામે રાહ જોવી પડશે. ભ્રષ્ટાચારની માનસિકતા જ્યાં સુધી નહી બદલાય ત્યાં સુધી કાળા નાણાંના દુષણ પર સંપુર્ણપણે અંકુશ મુકી શકાય નહી.મુખપત્ર સામનામાં શિવસેનાએ કહ્યુ હતું કે મોદીએ પાકિસ્તાની આતંકવાદી લોંચ પેડ સામે અચાનક સર્જીકલ સ્ટ્રાઈક કરી હતી અને હવે બ્લેક મની સામે પણ એવાજ પગલાં લીધા છે.પરંતુ તેના કારણે લોકોમાં ગભરાટ અને અફરાતફરી મચી ગઈ છે કેમકે આ સ્ટ્રાઈક અચાનક કરાઈ હતી.

સેનાએ કહયુ હતું કે વિદેશમાં છુપાયેલી બ્લેકમનીને પાછી લાવવા અને ભારતીયોના બેંક ખાતામાં રુપીયા ૧૫ લાખ જમા કરાવવાના મોદીના વચન અંગે સવાલો થઈ રહ્યા છે.

જો કે ભાજપની આ સ્ટ્રાઈક સામે શિવસેના સાથી પક્ષ હોવા છતાં ભારે ટીકાઓ કરી છે. જ્યારે વિરોધપક્ષોએ અઘોષિત આર્થિક કટોકટી કહી છે અને નોટબંધી અંગેની ભાજપના અને તેમના સાથીઓને આ બાબતે જાણ હોવાની વાત પણ જાહેરમાં મુકી છે.ભાજપે તેના નાણાં ધોળા કર્યા છે.તેવું પણ કહ્યુ છે.

## મોટી નોટો બંધ કરીને મોદીએ આર્થિક કટોકટી લાદી છે : માયાવતી

બસપાના સુપ્રીમો માયાવતીએ મોદી સરકાર દ્વારા ૫૦૦ અને ૧૦૦૦ની નોટો ચલણમાંથી રદ કરવા બાબતે વિરોધ કરતાં કહ્યુ હતું કે ભાજપે ૧૦૦ વર્ષ સુધી પોતાની સ્થિતિ મજબુત કરી લીધી છે.ભાજપે પોતાનો વહીવટ કરીને લોકોને હાલાકીમાં મુક્યા છે.મોદીએ મોટી નોટો બંધ કરીને આર્થિક કટોકટી લાદી છે.તેવા આક્ષેપો માયાવતીએ કર્યા હતા.

માયાવતીએ કહ્યુ હતું કે પોતાની નિષ્ફળતાઓ અને નબળાઈઓ ઢાંકવા માટે ભાજપે મોટી નોટો બંધ કરવાનો નિર્ણય લીધો છે.મોદીએ જાહેર કર્યા વિનાની કટોકટી લાદી છે.ભાજપે કરોડોનું કાળુ નાણું વિદેશમાં મોકલી દીધું છે.અને મુડીવાદીઓને લાભ થાય તે માટે આ યોજના અમલમાં મુકી છે.યુપીની ચુંટણી આવી રહી છે તેથી ભાજપે આર્થિક કટોકટી લાદીને તેમાંથી લાભ ખાટવાનો પ્રયત્ન કર્યો છે.

આવા નિર્ણયથી મોદી અને ભાજપ સરકાર લોકનું ધ્યાન બીજે વાળવા માંગે છે.કોગ્રેસની જેમ ભાજપની સરકારથી લોકો નારાજ છે.દરેક નાગરિક ભ્રષ્ટાચારથી પરેશાન છે.લોકો હવે કાયદાનું શાસન ઈચ્છી રહ્યા છે.સરકારના આ નિર્ણયથી ફક્ત ગુજરાત અને મુંબઈને જ લાભ થશે.નોટો રદ કરવાનો નિર્ણય દેશના હિતમાં નથી. દેશના ગરીબો,ખેડુતો અને મજુરો સરકારના આ નિર્ણયથી પરેશાન છે.આખા દેશમાં લોકો હેરાન થઈ રહ્યા છે.

## ૫૦ દિવસ પછી સ્થિતિ ન સુધરે તો મને સજા કરજો : વડાપ્રધાન મોદી



વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ચલણી નોટની બબાલ વચ્ચે ગોવામાં આક્રમક અને ભાવુક ભાષણ કરતાં કહ્યુ હતું કે જો ૫૦ દિવસ પછી સ્થિતિ ના સુધરે તો મને સજા કરજો.ત્યાં સુધી મુશ્કેલીઓ સહન કરવા માટે અપીલ કરી હતી.આ સાથે તેમણે કહ્યુ હતું કે ત્યાર પછી તેઓ લોકોના સપનાનું ભારત આપશે.મોદીએ સંકેત આપ્યો હતો કે કાળા નાંણાના મામલે આ પ્રથમ સર્જીક સ્ટ્રાઈક હતી.હજી ઘણાં પગલાં લેવાશે. હવે પછી બેનામી સંપત્તિ ધરાવનારાઓ પર સરકાર ત્રાટકશે તેમ તેમણે કહ્યુ હતું.

ગોવામાં કેટલાક પ્રોજેક્ટનો આરંભ કરવા ગયેલા મોદીએ તેમના ભાષણમાં કહ્યુ હતું કે ૮ તારીખે રાત્રે આઠ વાગે લાખો લોકો શાંતિથી સુઈ ગયા હતા.જ્યારે કરોડો લોકો ઉંઘવા માટે ગોળી શોધી રહ્યા હતા. પણ ગોળીઓ મળતી ન હતી.જનતાએ તેમને કાળા નાણાં સામે પગલાં લેવા માટે ચુંટ્યા છે અને તે કામ તેઓ કરી રહ્યા છે.તેમાં થોડી તકલીફો પડશે પરંતુ સફાઈ થઈ જશે પછી એક મચ્છર પણ ઉડી નથી શકતું.ટુજી કૌભાંડ કરનારા લોકોએ પણ ૪૦૦૦ રુપીયા માટે લાઈનમાં ઉભા રહેવું પડે છે.તેમણે કહ્યુ કે જો હું ભુલ કરતો હોઉ તો દેશ મને જે કાંઈ સજા આપશે તે માટે હું તૈયાર છું.પણ ભ્રષ્ટાચારમુક્ત ભારતના નિર્માણનું વચન આપુ છું.તેમણે કહ્યુ કે દેશમાં ઈમાનદાર લોકોની તંગી નથી. તેમણે કહ્યુ કે મને ખબર છે કે મે કેવી સત્તાઓ સામે લડાઈ વ્હોરી લીધી છે તેની મને ખબર છે. તે લોકો મને જીવતો નહીં છોડે. મને બરબાદ કરી દેશે.પણ તેમને જે કરવું હોય તે કરે. કેટલાક લોકોને લાગે છે કે મોદી ડરી જશે. પણ મોદીને જીવતા સળગાવી દેશો તો પણ નહીં ડરે.આ સાથે મોદી ભાવુક થઈ ગયા હતા અને કહ્યુ હતું કે હું ખુરશી માટે પેદા થયો નથી. મે ઘર,પરિવાર બધું જ દેશ માટે છોડી દીધું છે.

વડા પ્રધાને આ મામલે રાજનીતિ કરી રહેલા વિપક્ષો પર પ્રહાર કર્યા હતા.રાહુલ ગાંધી અને કોગ્રેસનુ નામ લીધા વગર તેમણે કહ્યુ કે જેમણે રાજનીતિ કરવી છે તે ભલે કરે. જેમનું લુંટાઈ ગયું છે તે આક્ષેપો કરે છે.પરંતુ મારા પ્રામાણિક દેશવાસીઓ માત્ર ૫૦ દિવસ મને સાથ આપે.મોદીએ કહ્યુ કે ૭૦ વર્ષથી લુંટ ચાલી રહી હતી.પરંતુ તેને હું ૧૭ મહિનામાં બંધ કરવા માંગુ છું.કેટલાક સાંસદોએ પેન નંબર ફરજીયાત કરવાનો નિયમ અમલી ન કરવા માટે તેમને વિનંતી કરી હતી.

## નોટ બદલવાની પીડામાં પાંચ દિવસમાં ૧૭ લોકોના મોત થયા છે

દેશમાં ચલણમાંથી મોટી નોટો રદ કરવામાં આવી અને આવી નોટોની બદલી કરી આપવાની સરકાર તરફથી વ્યવસ્થા ગોઠવવામાં આવી પરંતુ લોકોની લાઈનો ને કારણે તેમજ નોટોના અભાવને કારણે જે હાલાત પેદા થયા તેમાં દેશભરમાંથી ૧૭ લોકોના મોત નિપજ્યા.ગમે તેટલી મોટી નોટ આ લોકોનું અમુલ્ય જીવન પાછુ તો લાવી નહીં શકે.

દેશભરમાંથી સતત આવા આઘાતજનક ઘટનાઓના અહેવાલ આવી રહ્યા છે.કેટલીક હોસ્પીટલોએ સારવાર માટે રદ થયેલ નોટો સ્વીકારવાનો નન્નો ભણતા દવા ખરીદવાના નાણાના અભાવે મોત નિપજ્યાના અહેવાલો મળ્યા.

**નવક્રાન્તિ સાપ્તાહિક વેબ સાઇટ ઉપર ઉપલબ્ધ છે.**

http:// jagadishchristian.com

ઉપરોક્ત વેબ સાઈટ ઉપરાંત ફેસબુકhttp://facebook.com/robin.dholakia પર જોઈ શકાશે

# નવ ક્રાંતિ

વડાપ્રધાન મોદીએ કાળા નાંણા અને ભ્રષ્ટાચારના મહારોગ સામે લડવા માટે જે આર્થિક સર્જીકલ સ્ટ્રાઇક કરી છે તેના માટે તેમના આર્થિક સલાહકારો સાથે તેમણે જરુરથી ચર્ચા કરી હશે.આવનારા પરિણામો પ્રજાને પડનારી હાડમારીઓ અને ભ્રષ્ટાચારીઅને કાળા નાણાંને નાથવાના અસરકારક પગલાં બાબતે તેવોએ અભ્યાસ કર્યો હશે. પરંતુ મુશ્કેલીઓ માટે વિચાર કરીને તેનો સામનો કરવાની તૈયારી કરીએ તો પણ જ્યારે મુશ્કેલીઓ આવે ત્યારે તેની તાકાત તમને તોડી નાંખવા માટે સક્ષમ હોય છે. પરંતુ તેની સામે અડગતાથી સામનો કરીને તે વિષને ન્યુટ્રલ કરી નાંખવુ તે સમજદારી અને બહાદુરી ભર્યો સામનાથી શક્ય બને છે.

હાલમાં આપણે જોઇ રહ્યા છે કે દેશનો સામાન્ય માનવી ૫૦૦ અને ૧૦૦૦ની નોટો બદલવામાં મુશ્કેલીઓનો સામનો કરી રહ્યો છે.દેશમાં અસંખ્ય એવા લોકો છે જેમની પાસે બેનામી મિલ્કતો અને નાણાં છે તેમાંથી કોઇ બહાર તો દેખાતો નથી.દેખાય છે તો માત્ર એવી ગૃહિણીઓ જેમણે ઘરમાં બચત કરીને રાખી હોય અને મુશ્કેલ સમયમાં તે નાણાં મદદમાં લેવાની દાનત હોય તેવી અસંખ્ય મહિલાઓ પોતાની બચતને પાણીમા જતી બચાવવા દોડી રહી છે. કેટલાક ગરીબો અને મધ્યમ વર્ગીય લોકો રોજબરોજની તેમની જરુરીયાતો માટે આ મોટી નોટોને બદલાવવા માટે ચક્કીના લોટની જેમ પિસાઇ રહ્યા છે.નીચલા વર્ગને શોષવાનું વધારે છે.ખેર,વડાપ્રધાને લીધેલ મજબુત અને ઐતિહાસિક પગલું એ તેમની પ્રતિષ્ઠા પરનો દાવ છે.આ એક પ્રકારનો જુગાર છે.નોટો રદ કરવાને કારણે કાળા નાણાંની સમાંતર ઉભી થયેલી અર્થ વ્યવસ્થા નાથવાને કેટલી સફળતા મળશે અથવા કેટલું કાળુ નાણું બહાર આવશે તે કહી શકાય નહીં.કાળા નાણાના દુષણને નાથવાનો કોઇ કારાગત ઉપાય છે કે નહિ તે આપણને ખબર નથી.પરંતુ આ એક સાહસિક નિર્ણય છે એમાં કોઇ બેમત નથી. માત્ર તકલીફોનો ઉપાય કરીને આ કીમીયાને કારગત કરવો જ રહ્યો.


IN THE FOOTESTED OF JESUS

**HOLYLAND TOUR**

Exploring the journey of the
HOLY LAND
WELCOME TO
ISRAEL,JORDAN,EGYPT & DUBAI

**પ્રભુ કૃપાથી ઇઝરાયેલ ટુર -૨૦૧૬ નું આયોજન કરેલ છે.**

**દેશ-પરદેશના ઇચ્છુક ભાઇ-બહેનોને આ ટુરમાં જોડાવવા માટે જાહેર આમંત્રણ છે. આ ટુરમાં આપ જોઇ શકશો**

**ઇઝરાયેલ, ઇજીપ્ત, જોર્ડન, દુબાઇ બતાવીશું.**


Tour Date 18 May '16,Sept.16 November,2016

**પેકેજ પ્રાઇસમાં સામેલ છે. એરટિકિટ, નાસ્તો, લંચ,ડીનર, એન્ટરન્સ ફીએરપોર્ટ ટેક્સ, વીઝાફી, ખાસ ટીપ((Tips),એરફેર, હોટેલ્સ, ગાઇડ ફી,વાહનભાડાં સામેલ છે. અન્ય કોઇ છુપો ખર્ચ નહિ. ગુજરાતીમાં અનુવાદ સાથે સમજ આપવામાં આવશે. ટુરમાં જોડાવા માટે રૂ ૧૫૦૦૦/-ડિપોઝીટ પેટે મોકલવાના રહેશે.**

**પ્રાર્થન પોલ ગોહિલ,**
C/40,નતાશા પાર્ક રેસીડેન્સી- , નિઝામપુરા, વડોદરા.
૩૯૦૦૨૪ મોબાઇલ નં. ૯૮૭૯૪૪૩૩૭૪,૯૪૨૮૬૯૧૦૮૦
E.mail ID : prarthgohil@gmail.com
* * * * * * * * * * * * *


# શિવસેનાએ મોદી સરકારની બેવડી નીતિની ટીકા કરતાં સવાલ કર્યો શું સરકાર ચીન સામે સર્જીકલ સ્ટ્રાઇક કરશે ?

મહારાષ્ટ્રમાં ભારતીય જનતા પાર્ટીની સાથે સરકારમાં ભાગીદાર અને એનડીએના સાથી પક્ષ તરીકે શિવસેનાએ અવારનવાર ભાજપની અને કેન્દ્ર સરકારની ટીકા કરવામાં કસર છોડી નથી.અરુણાચલ પ્રદેશ સહિતના સરહદદી વિસ્તારોમાં ચીનની ઘુસણખોરી સામે શિવસેનાએ મોદી સરકારને આડે હાથ લેતાં કહ્યુ હતું કે મોદી સરકારની બેવડી નીતિ છે.આ નીતિની ટીકા કરતાં શિવસેનાના પ્રમુખ ઉધ્ધવ ઠાકરેએ કહ્યુ હતું કે શું ભારત ચીન સામે પણ સપ્ટે.માં પાકિસ્તાન અંકુશ હેઠળના કાશ્મીર(પીઓકે)માં આતંકવાદી અડ્ડાઓ પર ભારતીય સેનાએ કરેલી સર્જીકલ સ્ટ્રાઇલની જેમ પગલાં લેશે ?સેનાના મુખપત્ર સામનામાં સેનાએ લખ્યુ છે કે ભારતીય પ્રદેશમાં ચીનની ઘુસણખોરી વિશે ગંભીરતાપુર્વક જોવાનો સમય આવી ગયો છે.ચીન સામે સર્જકલ સ્ટ્રાઇક્સ તેનો યોગ્ય જવાબ હશે. શું ભારત આ પ્રકારનું પગલું ભરશે ?



સેનાએ કહ્યુ છે કે જ્યારે પણ કોઇ નેતા જાહેર રેલીમાં પાકિસ્તાન સામે બોલે છે ત્યારે તેનો પ્રતિસાદ તાળીઓના ગડગડાટથી મળવે છે. હવે એવો સમય આવી ગયો છે કે તાળીઓના આવા ગડગડાટની માનસિકતામાંથી બહાર આવી જવું જોઇએ અને ચીનીઘુસણખોરી મામલે ગંભીરતાથી વિચારવું જોઇએ. તેમણે કહ્યુ હતું કે લદ્દાખથી અરુણાચલ અને સિક્કિમ સુધી ચીન ઘુસણખોરી છેલ્લા કેટલાક વર્ષોથી કરી રહ્યું છે.હવે વાસ્તવિક સવાલ એ એચ કે ચીનને કોણ અટકાવશે ?ચીનના ૯૦ જેટલા સૈનિકો આપણા પ્રદેશમાં ઘુસી આવે છે અને વિકાસલક્ષી કામ અટકાવી દે છે. આપણા બડબોલા સંરક્ષણ મંત્રીએ સ્પષ્ટતા કરવી જોઇએ કે આવા ચીની સૈનિકો સામે આપણા સૈનિકોએ કેવા પગલાં લીધો હતા ?

# ભ્રષ્ટાચાર અને કાળુ ધન નાબુદ કરવા માટે મોદી સરકારનું ઐતિહાસિક પગલુ

ભારતની કેન્દ્ર સરકારે દેશના અર્થતંત્ર પર ભ્રષ્ટાચાર,કાળા નાણાં અને બનાવટી ચલણી નોટોની નકારાત્મક અસરો નાબુદ કરવા માટે તા.૯ નવેમ્બર મધરાતથી રૂા.૫૦૦ અને ૧૦૦૦ની નોટો ચલણમાંથી નાબુદ કરી દીધી હતી.દેશજોગ વિશેષ સંબોધનમાં વડાપ્રધાન મોદીએ આ જાહેરાત કરી હતી.વડાપ્રધાને સેનાના ત્રણેય પાંખોના વડાઓ સાથે બેઠક કર્યા બાદ કેન્દ્રીય પ્રધાનમંડળની બેઠકમાં નિર્ણય લીધા બાદ રાષ્ટ્રપતિ પ્રણવ મુકરજી સાથે મુલાકાત કરીને જાણકારી આપી હતી.વડાપ્રધાને જણાવ્યુ હતું કે અમે કાળા ધન અને કરચોરો માટેના દરવાજા બંધ કરી દીધા છે.ભ્રષ્ટાચાર,કાળા ધન અને નકલી નોટોના કારોબારમાં લિપ્ત દેશવિરોધીઓ અને અસામાજિક તત્વો પાસેથી આ ચલણી નોટો હવે માત્ર કાગળના ટુકડા જ બની જશે.મહેનત અને ઇમાનદારીથી કમાતા લોકોના હિતોની સંપુર્ણ રક્ષા કરવામાં આવશે.રૂપીયા ૧,૨,૫, ૧૦,૨૦, ૫૦ અને ૧૦૦ની ચલણી નોટો અને સિક્કા પર કોઇ પ્રતિબંધ નથી.

દેશના અર્થતંત્રમાં ક્રાંતિકારી ફેરફાર કરનારા નરેન્દ્ર મોદી દેશના બીજા ગુજરાતી વડાપ્રધાન બન્યા છે.વડાપ્રધાને જણાવ્યુ હતું કે ૧૦ નવેમ્બરથી ૨૪ નવેમ્બર સુધી રુપીયા ૪૦૦૦ની મર્યાદામાં ૫૦૦ અને ૧૦૦૦ની નોટો બેંકમાં બદલી શકાશે.૨૫મી નવેમ્બરથી ૪૦૦૦ રુપીયાની મર્યાદામાં વૃધ્ધિ કરાશે. એટલે કે જે લોકો ૩૦ ડિસેમ્બર ૨૦૧૬ સુધીમાં જુની નોટો બેંકમાં જમા નહી કરાવી શકનારને એક અંતિમ અવસર અપાશે.તેઓ ૩૧મી માર્ચ ૨૦૧૭ સુધીમાં રિઝર્વ બેંકમાં ધોષણાપત્રની સાથે આ નોટો જમા કરાવી શકશે.બેક ખાતામાં નોટો જમા કરાવવાની સાથે નાગરિકો ટપાલ કચેરીઓમાં આધારકાર્ડ ,મતદાર ઓળખપત્ર,રેશનકાર્ડ, પાસપોર્ટ,પાનકાર્ડ વગેરે ઓળખપત્ર રજુ કરી આ નોટો બદલાવી શકશે.

# સંઘે સાંઇબાબાની તરફેણ કરીને વિવાદ ટાળવાનો પ્રયત્ન કર્યો

દ્વારકાની શારદાપીઠના શંકરાચાર્ય સ્વામી સ્વરુપાનંદ સરસ્વતીએ સાંઇબાબાની પુજાનો વિરોધ કરીને આખા દેશમાં વિવાદ સર્જ્યો હતો.આ વિવાદની ચિનગારી હજી ક્યારે સળગી ઉઠે તે કહી શકાય નહી. ત્યારે રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘે એવું જણાવ્યુ હતું કે હિંદુ માન્યતા મુજબ દરેક માનવીમાં ભગવાનનો વાસ રહેલો છે. તેથી સાઇબાબામાં પણ ભગવાનો વાસ છે.

આરએસએસના મહામંત્રી ભૈયાજી જોશીએ પત્રકારો સાથેની વાતચીતમાં કહ્યુ હતું કે સાંઇબાબાની પુજા કરવી જોઇએ કે નહીં તે મુદ્દે કોઇ ચર્ચા કે વિવાદમાં ઉતરવું જોઇએ નહીં તેવું સંઘનું માનવું છે.હિંદુ માન્યતા મુજબ દરેક પ્રાણીમાં ભગવાનનો વાસ છે તેથી સાઇબાબામાં પણ ભગવાન છે.અમે આવું ઘણા લાંબા સમયથી કહેતા આવ્યા છીએ.સંઘની ત્રણ દિવસીયની ઓલ ઇન્ડીયા એકઝીક્યુટીવ કાઉન્સીલની બેઠકના અંતે ભૈયાજી જોશીએ કહ્યુ હતું કે સાંઇબાબાના ભક્તોએ નક્કી કરવાનું છે કે તેમણે સાંઇબાબામાં શ્રધ્ધા રાખીને તેમની ઇશ્વર તરીકે પુજા કરવી કે નહીં અને સાંઇબાબાના નામે મંદિરો બાંધવા કે નહીં. શીરડીના સંત સાંઇબાબા ૧૯મી સદીમાં થઇ ગયા હતા.

મોટી સંખ્યામાં હિન્દુઓ સાંઇબાબામાં શ્રધ્ધા ધરાવે છે.અને તેઓ આ મુદ્દે હિન્દુત્વની ધારાથી અલગ થઇ શકે છે.સંઘ હિદુ મતોનું વિભાજન થાય તેમ ઇચ્છતો નથી.


**ગ્લોરી કેટરીંગ સર્વીસ**

આપને ત્યાં ઉજવાતા માંગલિક પ્રસંગો જેવાકે સગાઇ, લગ્ન, રિસેપ્સન, બર્થડે પાર્ટી તથા નાના મોટા જમણવારોમાં જમણ અંગેની તમામ વ્યવસ્થા વ્યાજબી ભાવે કરી આપીશુ. શુધ્ધ, સાત્વીક,સ્વાદિષ્ટ રસોઇ માટે એકવાર મુલાકાત ગોઠવો અને નિશ્ચિત બની આપના પ્રસંગનો અનેરો આનંદ માણો

**ચિંતા વગરનો પ્રસંગ એ જ પ્રસંગનો આનંદ**

સંપર્ક:એ.એમ.મેકવાન
૮/૪૪,આશા એપાર્ટ,કિરણ પાર્ક પાસે,નવા વાડજ,અમદાવાદ-૧૩
ફોન નં.૨૭૫૫૯૦૮૩ મો,૯૩૭૫૨૦૯૯૨૪

# એનડીટીવી ન્યુઝ ચેનલ પરનો કેન્દ્ર સરકાર દ્વારા મુકાયેલ એક દિવસીય પ્રતિબંધ એ મીડીયા સામે ગંભીર કટોકટીનો આરંભ છે

છેલ્લા કેટલાક સમયથી દેશભરમાંથી સાહિત્યકારો,વિદ્વાનો,લેખકો,કલાકારોએ સરકારની તાનાશાહી સામે પોતાને અપાયેલ એવોર્ડ કે પ્રશસ્તિ પત્રો પરત કર્યા હતા.કારણ એ હતું કે સરકારી કામકાજ સરમુખ્યતારશાહીની ઢબે ચાલવા લાગ્યુ છે. ચોથી જાગીરની ફરજ બને છે કે સરકાર માર્ગ ચુકે તો તેને 'ચેત મછંદર ગોરખ આયા' ની ઉક્તિ મુજબ સચેત કરવાની હોય છે.દેશના આધાર સ્તંભો પૈકી ન્યાયપાલિકા પણ કેન્દ્ર સરકારની નીતીઓનો ઉગ્ર વિરોધ કરી રહી છે.પઠાણકોટના સમાચારો બાબતે એનડીટીવીએ જે પ્રસારણ કર્યુ તેનાથી સરકારની બેદરકારી ખુલ્લી પડી ગઈ અન પરિણામે તેને દેશભરમાં બેઈજ્જત થવું પડ્યું.

સરકારે પોતાની આબરુ બચાવવાના દાવ રુપે તેમના કહ્યાગરા રાજકારણીઓના માર્ગદર્શન રુપે માહિતી પ્રસારણ મંત્રાલય દ્વારા એનડીટીવી ન્યુઝ ચેનલને તા.૯મીનો એક દિવસીય પ્રતિબંધ ફરમાવતો ફતવો જાહેર કરી દીધો.સરકારે બચાવના મુદ્દે જે રજુઆત કરી હતી તેમાં જણાવાયું હતું કે પઠાણકોટ હુમલા વખતે દેશની સુરક્ષા જોખમમાં મુકાય તે રીતે એનડીટીવીએ પ્રસારણ કર્યુ હતું.એનડીટીવીએ દેશની સમક્ષ હકીકત ખુલ્લી મુકી તે સત્ય તેમને ભારે પડ્યું. મોટી મોટી ગુલબાંગો પોકારનાર અને પોતાની જાતને ઉંચા સાબિત કરવાને મથતા નેતાઓની  વાતો દેશની જનતાને બકવાસ લાગી પરિણામે નેતાઓના હૈયે લાગેલી આગે એનડીટીવીને દઝાડી જરુર.

કેન્દ્રના આ નિર્ણય સામે સમગ્ર દેશમાંથી વિરોધનો સ્વર ઉઠ્યો છે. અને આ ઘટનાને ઈન્દીરા ગાંધીના કટોકટીકાળ કરતાં પણ વધુ કડકાઈ સાથે સરખાવવામાં આવી છે.એનડીટીવીએ ભોપાલ એન્કાઉન્ટર સહિતના કેટલાક વિવાદાસ્પદ પગલાં સામે કરેલા સવાલથી કેન્દ્ર સરકાર ઘણા વખતથી નારાજ હતી. અને તેની તેના પર પ્રતિબંધ મુકાયો છે તેમ માનવામાં આવી રહ્યું છે.

એનડીટીવીના પ્રાઈમ  ટાઈમમાં તેના કાર્યક્રમના એન્કર રવિશકુમારે  માઈમ આર્ટિસ્ટનો ઉપયોગ કરીને મીડીયાનો અવાજ દબાવી દેવા અંગે જે વાત રજુ કરી તેનાથી સમગ્ર સોશ્યલ મીડીયા અત્યંત પ્રભાવિત થઈ ગયું છે.તમે સત્તાવાળાઓ(ઓથોરીટી એટલે કે સરકાર)ને સવાલ કરો તો તમારી હાલત શું થાય તે દર્શાવતાં આ કાર્યક્રમને ટ્વીટર અને ફેસબુક પર જબરજસ્ત પ્રશંસા મળી છે. તેમાં પણ દેશમાં બધું સારુ સારુ છે તેવી સ્થિતિના સંદર્ભે વપરાયેલો 'બાગો મે બહાર હૈ.'.ના ડાયલોગ્સનો ટ્વીટર પર ટ્રેન્ડ રહ્યો હતો.

જો કે દેશની મોટાભાગની ચેનલો પર રીલાયન્સ આધિપત્ય ભોગવી રહ્યુ છે અનો ઝી મીડીયાને પણ ભરપુર નાણાં મળી રહ્યા છે તેથી સરકારની સરમુખ્યતારશાહીનો બચાવ કરતી જાહેરાતો અને એવી બાબતો મુકાતી રહી છે કે જેથી મીડીયા પર સેન્સરશીપનો દાવ સરકારનો ફળે.ખેર,દેશમાં પાછલે બારણે સરમુખત્યારશાહીનો રથ દાખલ થઈ રહ્યો છે.જેમણે વિરોધ કર્યો તેમનો કાંટો કાઢી નાંખવાની મનોવૃત્તિ ધરાવતી સરકાર હવે શું પગલાં લેશે તે જોવાનું રહ્યું.

માહિતી પ્રસારણ મંત્રી વેંકૈયા નાયડુએ કહ્યુ હતું કે આ દેશની સુરક્ષાના હિતમાં લેવાયેલુ પગલું છે. તો વિપક્ષોએ કહ્યુ હતું આ કાર્યવાહી બીજી કટોકટી તરફ આગળ વધવાના એંધાણ છે.નાયડુએ પઠાણકોટ હુમલાના કવરેજ અંગે ૯ નવેમ્બરે ચેનલનું પ્રસારણ રોકવાના આદેશના મામલે કટોકટીના  ઉલ્લેખની નિંદા કરતા વિપક્ષો પર આ પ્રકારના મુદ્દાઓ પર રાજનીતિ કરવા અંગેનો આરોપ લગાવ્યો હતો.તેમણે કહ્યુ હતું કે મોદી સરકાર અભિવ્યકિત સ્વાતંત્રયનું ખુબ સન્માન કરે છે.

બિહારના મુખ્યમંત્રી નીતિશકુમારે અને તેમની પાર્ટી જેડીયુના વરિષ્ઠ નેતા શરદ યાદવ, દ્રમુક  પ્રમુખ કરુણાનિધિ,બસપા પ્રમુખ માયાવતી અને આરજેડીના પ્રમુખ લાલુપ્રસાદ યાદવે કેન્દ્ર સરકાર પર આકરા પ્રહારો કર્યા હતા.લાલુએ કેન્દ્ર સરકારે લગાવેલા પ્રતિબંધને અભિવ્યક્તિની આઝાદીનું અપમાન ગણાવ્યુ હતું.તેઓએ આ પ્રતિબંધ પરત લેવાની માંગ કરી હતી. સીપીઆઈએ કહ્યુ હતું કે આ મોદીના નિરંકુશ વલણનું ઉદાહરણ છે.

જ્યારે સરકારના આ નિર્ણયને ઉચિત ગણાવતા સંરક્ષણ મંત્રી મનોહર પારિકરે કહ્યુ હતું કે એનડીટીવી ઈન્ડીયાએ આતંકવાદ વિરોધી અભિયાનનું સીધું પ્રસારણ કરીને કેન્દ્ર દ્વારા જારી દિશા નિર્દેશોનું ઉલ્લંઘન કર્યુ છે.


★ નીલા ફાઇનાન્સ ★

આપની બચત યોગ્ય સ્થાને મુકવી છે.?

જેવી કે માસિક આવક યોજના,રાષ્ટ્રીય બચત પત્રો,કિસાન વિકાસ પત્ર,ટાઇમ ડીપોઝીટ તથા રીકરીંગમાં રોકાણ કરવા માટે, તેમજ વીમા, મ્યુચ્યુઅલ ફંડ, તથા પાન કાર્ડ માટે મળો.

નીલા સી.ગામડીયા

'નીલીવા કુંજ' પંડિત નહેરુ વિદ્યાવિહારની બાજુમાં, બહેરામપુરા, અમદાવાદ -૩૮૦૦૨૨ ● ફોન નં.૨૫૩૫૫૮૫૮,૩૫૩૮૩૩૨૨


# સમૃધ્ધિ એ માણસની સર્વાધિક શક્તિ છે

આજે દરેક વ્યક્તિ સમૃધ્ધ થવા માટે પ્રયત્ન કરતો હોય છે.એનું કારણ એ છે કે બધા એમ વિચારે છે કે પૈસા દ્વારા બધા જ સુખ ખરીદી શકાય છે.જે માણસ સમૃધ્ધ છે,એની આસપાસ લોકો જોડાયેલા રહે છે. સમૃધ્ધિ એ માણસની સર્વાધિક શક્તિ છે. સમૃધ્ધિ માટે ક્યારેય કોઈને સંતોષ હોતો નથી.સમૃધ્ધિ જે પોતાની તાકાતથી મેળવી હોય, નીતિના માર્ગેથી આવી હોય તો એનો આનંદ છે.પણ સમૃધ્ધ થવા માટે ગમે તે રસ્તા અપનાવ્યા હોય તો એના પરિણામો સારા આવતાં નથી.સમૃધ્ધિ દ્વારા કહેવાતા સુખની ચીજવસ્તુઓ જ ખરીદી શકાય છે. સમૃધ્ધિમાં શાંતિ નથી. વિશાળ મકાનો,ભવ્ય હવેલીઓ,ઊંચા ઊંચા મહેલો, ગાડીઓ અને નોકર-ચાકરનો જમેલો એ બધું જ સમૃધ્ધિ દ્વારા થાય છે.તમે તમારો સામાજિક મોભ્ભો બતાવી શકો છો. પણ આપણે જેને સાચા અર્થમાં સુખ કહીએ છીએ, એ એમાંથી મળતું નથી.નકામી સમૃધ્ધિ તો નકામી વસ્તુઓ ખરીદે છે.આપણે જાણીએ છીએ ખે સમૃધ્ધિથી બધું જ શક્ય બને છે,પણ એકલી સમૃધ્ધિ જ જીવન નથી. છતાંય કહેવું હોય તો કહી શકાય કે,સમૃધ્ધિ જ બધાના હિતમાં-સબંધોમાં જીવન ઉપયોગી છે જ.

સમૃધ્ધિ - સ્ત્રી(સં)આબાદી,ઓશ્વર્ય, સંપત્તિ, જાહોજલાલી વગેરે અર્થ થાય છે.જે માણસની કોઈ જ પ્રતિષ્ઠા ન હોય,એવો માણસ જો સમૃધ્ધ હોય તો સમાજમાં એની ગણના થવા માંડે છે.સમૃધ્ધિ આદર અપાવે છે.સમૃધ્ધિથી અંધકારવાલા સ્થાનોમાં અજવાસ આવી જાય છે.માણસના ચહેરા પર લાલી છવાય છે.પણ જે માણસ સચ્ચાઈના માર્ગે સમૃધ્ધ થાય છે એની સમૃધ્ધિ પેઢી દર પેઢી ટકી રહે છે.સંત તિરુવલ્લુવરે કહ્યું છે : ' નીતિને માર્ગે રહી જેણે ખુબ ધન એકઠું કર્યુ હોય છે તેને જીવનના બે પુરુષાર્થ ધર્મ અને કામ સહજ પ્રાપ્ત થાય છે.'સમૃધ્ધિ શુધ્ધ સાધનો દ્વારા પ્રાપ્ત થાય તો ધર્મ અને સુખ પ્રાપ્ત થાય છે.બીજાનો ચુસીનો,મારી-કાપીનો મેળવેલી સમૃધ્ધિ લાંબો સમય ટકતી નથી અથવા જે માર્ગેથી આવે છે ,એ જ માર્ગે પાછી જાય છે.ખુબ સમૃધ્ધ બનો અને નીતિના માર્ગે એનો ઉપયોગ કરો. એ રીતે મેળવેલી સમૃધ્ધિ અવિચળ જ્યોતિરૂપ હોય છે.આપણે સમાજમાં ઘણા દાખલા જોયા છે કે આજનો કરોડપતિ કાલનો રોડપતિ બની જતો હોય છે. એનું કારણ એટલું જ કે એની સમૃધ્ધિ કોઈ અનીતિના માર્ગે આવેલી હોય છે. લક્ષ્મી ચંચળ છે, એને પણ નીતિનો માર્ગ પસંદ છે. અનીતિનો માર્ગ અતિ ટુંકો હોય છે.

અથર્વવેદમાં કહ્યું છે  : 'તેલની માલિસ, સુગંધ, સોનું,શરીરનું તેજ, એ બધાંજ સમૃધ્ધિના લક્ષણ છે. 'આપણે કેટલાંક લોકોને જોઈએ છીએ કે ,હાથની આંગળીઓ,હાથનું કડું,ગળામાં સોનાના દોરા લટકતા હોય છે.એમાં જોઈએ તો સમાજમાં બે પ્રકારના માણસો જોવા મળે છે.એક, જે છે તે બીજાને બતાવવા માટેનું પ્રદર્શન કરનારા, બે, જે છે તે ગુપ્ત રાખનારા. જેનામાં આછકલાઈ છે, જેનામાં જીવન-સમજનું ઊંડાણ નથી, જે સંજોગોવસાત રાતોરાત ધનપતિ થઈ ગયા છે, એમને પોતાની સમૃધ્ધિ બતાવવાનો અભરખો હોય છે.એથી એ પ્રદર્શન કરતાં હોય છે.જે ગર્ભ-સમૃધ્ધ હોય છે, એ તો હોય જ છે. એમને પ્રદર્શનની જરૂર ખરી ?સમૃધ્ધિ આવે એની સાથે સદાચાર આવે એ જરૂરી છે. આમ તો કહેવાય કે, સમૃધ્ધિ દુષણોને આમંત્રણ આપે છે.મહેનત વગરની સમૃધ્ધિ માણસને છાકટા બનાવી દે છે.જેની પાસે સમજ ના હોય, એ સમૃધ્ધિનો ભયંકર દુરપયોગ કરીને પોતાનો વિનાશ નોતરતો હોય છે. અનેક પ્રકારના અવળા માર્ગે ચડી જતો હોય છે. આપણે આગળ કહ્યું એમ, એક બીજી વાત પણ દીવા જેવી છે કે, સમૃધ્ધિ જ માનપાન અપાવે છે. તમે કેવા માર્ગેથી ધન-દોલત મેળવી છે એમાં કોઈ પડતું નથી. પણ તમારી પાસે છે,એનું જ મહત્વ બની રહે છે. કોઈએ સાચું કહ્યું છે કે સમૃધ્ધિ ખોરાક લાવી શકે, ભુખ નહી, દવા લાવી શકે, આરોગ્ય નહી,મોજમજા લાવી શકે,પણ શાંતિ અને સ્વસ્થતા નહીં. સમૃધ્ધિ તો દરિયો છે એમાં તરતાં શીખવું જોઈએ, નહીતર આપણી સચ્ચાઈ અને ઈજ્જત બંને એમાં ડુબી શકે છે. ગેટેએ સારી વાત કરી છે. ' અચાનક અને અતિ ઝડપે ભેગું કરેલું ધન ઘડીકમાં ચાલ્યું જાય છે, જ્યારે ક્રમિક રીતે આવેલું ધન વધતું જાય છે. 'જેની પાસે સમૃધ્ધિ છે, પણ ઉદારતા નથી એ સાચો ભિખારી છે.

આપણે આગળ કહ્યું કે ધન એ સુખ નથી. ઓશો રજનીશે પણ એજ વાત કરી છે.ભૌતિક સંપત્તિનો ચળકાટ ખોટો છે.તમારી પાસે હીરા મોતી જડેલો પલંગ હોય, પરંતુ ઊંઘ ન આવતી હોય તો ?તમારી સમક્ષ બત્રીસ ભોજન અને તેત્રીસ પકવાન પીરસેલાં પડ્યા હોય,પરંતુ ભુખ ન લાગતી હોય તો ? ઊંઘ લાવી શકે તેવો પલંગ કે ભુખ લાવી શકે એવો ભોજનથાળ આ દુનિયામાં હજી બન્યા નથી.આપણે ધનના વિરોધી નથી, પણ ધન જ જગતનું સર્વસ્વ છે એવું નથી. સમૃધ્ધિ હોય તો ઉદાર દિલ પણ જોઈએ.જે આપે છે,એનાથી નાશ થતો નથી.એક સુભાષિત છે :'આપવાથી ધનનો નાશ થાય છે, એમ તુ કોઈ કાળે પણ માનીશ નહીં,જુઓ, કુવા,બગીચા,ગાય વગેરે જેમ જેમ દેતા જાય છે તેમ તેમ તેમની સંપદા વૃધ્ધિ પામે છે.' સમૃધ્ધિથી માણસને સન્માન મળે છે.તમે ક્યા માર્ગે ધન કમાયા છો એની કોઈ ચિંતા કરતું નથી. જે સમૃધ્ધ છે એ ડાહ્યો છે, વિદ્વાન છે, સજ્જન છે. એ રીતે એની સમૃધ્ધિમાં જ બધા જ અવગુણો ગુણ બની જાય છે. કાલિદાસે રઘુવંશમાં પણ કહ્યું છે કે 'જેમાં પાણી ભરાયેલું છે એવા જ વાદળોનું સ્વાગત ચાતક કરે છે. ' સમૃધ્ધિમાં યશ અને કિર્તી સમાયેલાં છે.

ડૉ.કિશોરસિંહ સોલંકી
(સૌ.સંદેશ)


વિનંતી



તમારી પ્રાર્થનામાં અમારી સેવાઓને ખાસ


૧૯૨૭માં આવેલી સાઈલેન્ટ ફિલ્મ મેટ્રોપોલીનના પોસ્ટરની ૨૦૦૫માં હરાજી કરવામાં આવેલી તેમાં તેના ૬૯ કરોડ રૂપીયા ઉપજ્યા હતા. આ ફિલ્મના પ્રમોશન માટે માત્ર ૪ પોસ્ટર જ તૈયાર કરવામાં આવ્યા હતા.


AGNELO FREE MARRIAGE SERVECES, INDIA

agnelofreemarriagebureau@gmail.com.

parmar_kanu2002@yahoo.co.in

http://jagadishchristian.com/

Conact No.0091 9824489344,

(R)0091-2692-260332

સેરેના ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત

કેર કોમ્પ્યુટર સેન્ટર

ફકત રૂ. ૨૦૦/-માં કોમ્પ્યુટર શિક્ષણ...સાથે ઈંગ્લીશ સ્પીકીંગ ફ્રી. માત્ર બહેનો માટે જ ચાલતો કોમ્પ્યુટર કલાસ,

કોમ્પ્યુટરમાં સાક્ષર બની ઉજજવળ ભવિષ્ય બનાવો.

**હેડ ઓફિસ** :- ૧૧, તેજેન્દ્ર કોમ્પ્લેક્ષ, હાટકેશ્વર સર્કલ પાસે, હાટકેશ્વર, અમરાઈવાડી, અમદાવાદ-૩૮૦૦૨૬.મો. નં:૯૯૨૫૨૭૪૧૭૫

**બ્રાન્ચ ઓફિસ** : ૧૪ સેલર, સરદાર કોમ્પ્લેક્ષ, સમજુબા સ્કૂલ સામે, ગોવિંદવાડી, ઈસનપુર અમદાવાદ.મો. નં:૯૮૯૮૦૭૨૮૮૧

# રેલ્વે બલ્ક બુકીંગ અને કેન્સલેશન પર પ્રતિબંધ, એરટિકિટ પર પણ રિફંડ નહી થાય

પશ્ચિમ રેલ્વે દ્વારા જાહેરાત કરવામાં આવી છે કે ઓનલાઇન કરવામાં આવતું એસી અને સેકન્ડ ક્લાસનું બુકીંગ રદ કરવામાં આવશે નહીં.તેમજ ત્યાર પછી બલ્ક બુકીંગ લેવામાં આવશે નહીં પરંતુ જે વ્યક્તિએ બલ્ક બુકીંગ લેવું હોય તેણે જાતે જ કાઉન્ટર પર જઈને બુકીંગ કરાવવું પડશે.જે લોકો બુકીંગ કરાવે છે તેમને પણ રોકડ રકમ પરત કરવામાં આવશે નહીં.સરકારની જાહેરાત બાદ લોકોએ રેલવે સ્ટેશનો પર જઈને ૫૦૦ અને ૧૦૦૦ની નોટો ચલાવવાનું અને વટાવવાનું શરુ કર્યુ હતું.લોકો બુકીંગ કરાવીને પછી થોડા સમય બાદ રદ કરાવી દેતા હતા_ને રોકડ રકમ પરત લઈ જતા હતા. આ રીતે તેઓ ૫૦૦ અને ૧૦૦૦ની નોટો વટાવતા હતા.છેલ્લા બે દિવસમાં રેલ્વે બુકીગમાં ૨૫ ટકાનો વધારો નોધાયો હતો.તેથી રેલ્વે દ્વારા આ નિર્ણય લેવાયો હતો.

કોઈપણ પ્રકારનું વેઈટીંગ બુકીંગ કરાશે નહી તેવી ચોખવટ રેલ્વે દ્વારા કરવામાં આવી હતી. જેમાંજે વ્યક્તિએ વેઈટીંગ બુકીંગ કરાવવું હોય તેણે કાઉન્ટર પર જાતે જવાનું છે.ઓનલાઈન પેમેન્ટનો ઉપયોગ વધારે કરવામાં આવે તે ગ્રાહ્ય રહેશે. રોકડ વ્યવહાર કરવામાં આવશે નહીં.

સ્ટેશન પર કોઈપણ પ્રકારે રોકડ રિફંડ કરવામાં આવશે નહીં.જે વ્યક્તિને રીફંડની જરુર હોય તેને રિફંડના બદલે રિફંડની સ્લીપ આપવામાં આવશે.આ સ્લીપ ભરીને રેલવેને આપવાની રહેશે.આ સ્લીપનો ઉપયોગ રિફંડ એપ્લાય માટે કરવામાં આવશે.આ સ્લીપમાં મુસાફરે પોતાની બેંકની વિગતો આપવાની રહેશે.રેલવે દ્વારા આ રકમ સીધી જ મુસાફરના બેકના ખાતામાં જમા કરવામાં આવશે.

તે ઉપરાંત ૫૦૦૦૦થી વધુની રકમનું રીફંડ થતું હશે તો ગ્રાહક પોતાનો પાન નંબર પણ ફરજીયાત પણે આપવો પડશે નહીતર કોઈ કામગીરી થશે નહી.

એજ પ્રમાણે એર ટિકિટમાં પણ કહેવામાં આવ્યુ છે કે એર ટિકિટ રદ થશે નહીં.એર લાઈન્સ સેવાઓ દ્વારા પમ આ પ્રકારના વ્યવહાર પર રોક લગાવી દેવામાં આવી છે.૫૦૦ અને ૧૦૦૦ની નોટ ઉપર એર ટિકિટનું બુંકીગ કરવામાં આવશે નહીં.

રદ કરવાના કિસ્સામાં પણ કોઈપણ પ્રકારનું રિફંડ મળશે નહીં. એરલાઈન્સે જણાવ્યુ છે કે અમને ડીજીસીએ દ્વારા આદેશ આપવામાં આવ્યો છે કે સરકારી જાહેરાત બાદ લોકોએ એકાએક ટિકિટ બુક કરાવવાનું શરુ કરી દીધું છે.

આ ધસારો ઘટાડવા અને લોકોના કીમીયા અટકાવવા માટેજ એરલાઈન્સ દ્વારા આ જાહેરાત કરાઈ હોવાનું જાણવા મળે છે.

# ભાજપના સસ્પેન્ડેડ સાંસદ કિર્તિ આઝાદે નાણા મંત્રી અરુણ જેટલીને નિશાન બનાવ્યા

ભાજપમાંથી સસ્પેન્ડ કરી દેવાયેલ સાંસદ કિર્તી આઝાદે નાણાં મંત્રી અરુણ જેટલી માટે કહ્યુ હતું કે જે વોર્ડ ચુંટણી જીતવાની તાકાત ધરાવતા નથી તે નાણાં મંત્રી બની ગયા છે.દેશભરમાં નોટોની બબાલ ચાલી રહી છે. ત્યારે જ તેમણે ઉપરોકત ટિપ્પણી કરી હતી.એક ટ્વિટના જવાબમાં કિર્તિએ તેમનો આક્રોશ ઠાલવ્યો હતો. દરમિયાન કિર્તિના પત્ની પુનમ આમ આદમી પાર્ટીમાં સામેલ થઈ ગયા છે.

પુનમ આપમાં જોડાયા તે અંગે ટ્વિટર પર ટ્રેન્ડ શરુ થયો હતો.જેમાં તેમના નામે કે ટ્રવિટ કરાયું કે કિર્તી આઝાદ મોદીની લહેરમાં ચુંટણી જીતી ગયા હતા.નહીતર તેમની હેસિયત વોર્ડની ચુંટણી જીતવાની પણ નથી.જેનો જવાબ આપતાં કિર્તીએ આકરો જવાબ આપ્યો હતો .તેમણે કહ્યુ હતું કે જેમની હેસિયત વોર્ડની ચુંટણી જીતવાની નથી તે નાણાં મંત્રી છે.અને ૧૯૯૯થી ચુંટણી જીતી રહ્યા છીએ.ત્યારે મોદી ગુજરાતના સીએમ પણ નહતા.આમ કહીને તેમણે જેટલી સાથે પીએમ મોદીને પણ લપેટી લીધા હતા.જો કે કિર્તીના આ ટ્વિટને ઘણી પ્રશંસા મળી હતી.લોકોએ તેમના સમર્થનમાં અનેક રિટ્વિટ કર્યા હતા.કિર્તી આઝાદના પત્ની પુનમ આઝાદ આમ આદમી પાર્ટીમાં સામેલ થઈ ગયા છે.પાર્ટીમાં સામેલ થતાં પહેલા તેમણે દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલ સાથે મુલાકાત કરી હતી.

# ચલણી નોટો રદ કરવાના નિર્ણયની ટીકા કરતાં શિવસેના સામે ભાજપના સાંસદે કિરિટ સૌમેયાનો આક્રોશ

દેશમાંથી ચલણી નોટો રદ કરવાના વડાપ્રધાન મોદીના નિર્ણયની શિવસેના દ્વારા ટીકા કરવામાં આવી હતી.તેનાથી અકળાયેલ ભાજપના સાંસદ કિરિટ સૌમેયાએ કહ્યુ હતું કે તેઓ મુંબઈમાં કેટલાક લોકો ના જ્યાં કાળા નાંણા છે એવી બોગસ કંપનીઓ જાહેર કરશે. તેમણે કહયુ હતું કે હું શિવસેનાને જણાવીશ કે કાળા નાણાં પર સર્જીકલ સ્ટ્રાઈક કોને કહેવાય.અગાઉ શિવસેના પ્રમુખ ઉધ્ધવ ઠાકરેએ પીએમ મોદીના રુ.૫૦૦ અને ૧૦૦૦ની દરની ચલણી નોટો રદ કરવાના નિર્ણયની ટીકા કરી હતી_ને કહ્યુ હતું કે વડાપ્રધાને કાળા નાણાં પરત લાવવા માટે સ્વીસ બેન્કોમાં સર્જીકલ સ્ટ્રાઈક કરવી જોઈએ.કિરિટ સૌમેયાએ ઠાકરેની આ ટિપ્પણીના જવાબમાં કહ્યુ હતું કે લોકોને વડાપ્રધાનના આ નિર્ણયથી પરેશાની થાય છે એવા આરોપો કરતાં માયાવતી,મુલાયમ,અને ઉધ્ધવ ઠાકરે એ સ્પષ્ટ કરવાની જરુર છે કે તેઓ ગરીબ લોકોની ચિંતા કરે છે કે રુપીયાના કોથળાઓની ચિંતા કરે છે.

# નોટબંધી બાદ બદલામાં ૩૩ લાખની નકલી નોટો આવી

૫૦૦ અને ૧૦૦૦ની નોટો ચલણમાંથી સરકારે રદ કર્યા બાદ દેશની બેકોમાં નોટો બદલવા માટે ભારે ભીડ ઉમટી પડી હતી. પરિણામે બેકોને અસલી અને નકલી નોટો વચ્ચે ભારે તકલીફો ઉઠાવવી પડી.જમા આવેલ નોટો પૈકી ૧૫ બેન્કોમાં ૩૩ લાખ રુપીયાની નકલી નોટો આવી હતી.અત્યાર સુધીમાં એસઓજીએ અલગ અલગ બેન્કોમાંથી કરોડોની નકલી નોટો કબજે કરી છે.અને ગુનો નોધીને કાર્યવાહી શરુ કરેલ છે.

નકલી નોટો પકડાય છે ખરી પરંતુ સરકાર તેના મુળ સુધી પહોચી શકતી નથી.સિક્યુરીટી સિમ્બોલ મળતા હોવાથી નકલી નોટો પકડવામાં તકલીફ ઉભી થાય છે.

# અમેરિકામાં પ્રમુખપદની ચુંટણી બાદ જીતેલા ઉમેદવાર ટ્રમ્પ વિરુધ્ધ દેખાવો

અમેરિકાના પ્રમુખપદની ચુંટણીઓમાં ભારે રસાકસી બાદ ટ્રમ્પ વિજેતા જાહેર થયા હતા.ટ્રમ્પના વિજય બાદ સમસ્ત અમેરિકામાં લાખો લોકો ટ્રમ્પ વિરોધી દેખાવો કરી રહ્યા છે.લોકો ટ્રમ્પના કટ્ટર અને વંશીય વિચારો સામે વિરોધ નોધાવી રહ્યા છે.ટ્રમ્પ વિજયી જાહેર થયાના બીજા જ દિવસે દરેક રાષ્ટ્રિયતા, ધર્મ અને ઉંમરના લોકો ન્યુયોર્ક, શિકાગો, ફિલાડેલ્ફીયા, બોસ્ટન, સિયેટલ, કોલારાડો શહેરના મુખ્ય ચોકમાં એકત્રિત થયા હતા. તિરસ્કાર નહીં...ટ્રમ્પ અમારા પ્રમુક નહી જેવા સુત્રો લખેલા પ્લેકાર્ડ સાથે તેઓ ટ્રાફિક વચ્ચે ચાલવા લાગ્યા હતા.ન્યુયોર્કમાં દેખાવકારો ટ્રમ્પ ટાવર સુધી વિરોધ માર્ચ કરી ગયા હતા. ટાવરની આસપાસનો ટ્રાફિક જામ થઈ ગયો હતો.હિલેરી ક્લિન્ટનના સમર્થકો સડક પર ઉગ્ર પ્રદર્શન કરીને આગ ચાંપવા લાગ્યા હતા.કેલિફોર્નિયાની અનેક યુનીવરસીટીમાં પરિણામો આવતાં હિલેરી સર્મથકો નારા લગાવવા લાગ્યા હતા કે ટ્રમ્પ અમારા પ્રમુખ નથી.હિલેરીના સમર્થકો દ્વારા થઈ રહેલા વિરોધ અને તેમના દ્વારા આગ ચાંપવાની ઘટનાઓને સામાન્ય નાગરિકોએ વીડીયો બનાવીને શેર કર્યો હતો.

યુની. ઓફ ઓરગોન ખાતે પણ હિલેરી સમર્થકો ટ્રમ્પ વિરોધી સુત્રોચાર કર્યો હતો.સોશિયાલીસ્ટ ઓલ્ટનેટીવ નામના સંગઠન સહિતના અનેક લોકો એકસંપ થઈને ટ્રમ્પ સામે વિરોધ દેખાવોમાં જોડાવા માટે અપીલ કરી રહ્યા છે.


## જાહેરાત માટે સંપર્ક કરો

આપની વ્યવસાયલક્ષી કે લગ્ન સબંધી,જાહેરાત વિશાળ વાચક વર્ગ સુધી ઝડપથી પહોચાડવા માટે અમારો સંપર્ક કરો.

નવક્રાન્તિ સાપ્તાહિક 9825169386

## ઇન્ટરનેશનલ જીવનસાથી પસંદગી કેન્દ્ર

- દેશ,વિદેશ તથા ડીવોર્સી પાત્રો માટે જીવનસાથી પસંદગી કેન્દ્ર
- આર્થિકરીતે નબળા,વિધવા કે બેરોજગાર યુવતીઓ પાસેથી
- રજીસ્ટ્રેશન ફી લેવામાં આવતી નથી.
- રજીસ્ટ્રેશન ફી સિવાય કોઇ ફી લેવાતી નથી.
- ફોટોગ્રાફ સાથેનો બાયોડેટા પોસ્ટથી મોકલી શકાશે.
- રજીસ્ટર લગ્ન તથા સમુહ લગ્ન માટેની વ્યવસ્થા મળી શકશે.
- લગ્નવાંચ્છુ યુવક-યુવતીઓના બાયોડેટા ઇન્ટરનેટ પર વિના મુલ્યે મુકી શકાશે.
- સ્વરોજગાર માટે વિના મુલ્યે સિલાઇ મશીન મેળવવા સંપર્ક કરવો
- ઇઝરાયેલની પવિત્રભુમિના પ્રવાસના પુસ્તકો મળશે.

**સંપર્ક :-શ્રી ભાઇલાલભાઇ એસ.ટેલર**

પાર્ક સ્ટ્રીટ,મેથો નર્સીંગસ્કુલ સામે.મિશન રોડ,નડીયાદ.

મો.૯૮૯૮૩૧૮૬૮૫. ૯૭૧૪૫૧૮૩૬૭

## જાહેર ખબરના ભાવ

| | | | |
|---|---|---|---|
| આખુ પાન | રૂ.૧૦૫૦૦ | અર્ધુ પાન | રૂ.૫૦૦૦ |
| ૧/૪ પાન | રૂ.૨૫૦૦ | ૧/૮ પાન | રૂ.૧૦૦૦ |
| વાર્ષિક પેનલ | રૂ.૭૨૦૦ | માસિક પેનલ | રૂ.૧૦૦૦ |

ટચુકડી જાહેરાત રૂ.૫૦૦

વ્યવસાયિક જા.ખ. રૂ.૬૦ કો.સે.મી.

આપની કોઇપણ પ્રકારની જાહેર ખબરો સંપૂર્ણ વિગત સાથે મોકલી આપી , વિશાળ વાચક વર્ગ સુધી પહોંચાડો.જાહેરખબર દર મંગળવારે કાર્યાલય પર પહોંચાડવી

સંપર્ક : ૯૮૨૫૧ ૬૯૩૮૬, ૦૭૯-૬૫૨૧૪૭૫૬


## ગ્રાહક મિત્રોને વિનંતી.

આપનું લવાજમ બાકી છે/ પૂરું થયેલ છે.લવાજમ અને આર્થિક સહયોગ મનીઓર્ડરથી નીચેના સરનામે મોકલી શકો છો.

**નવક્રાન્તિ સાપ્તાહિક**

૨/૧૦ સોનિયા એપાર્ટ. પીટીકોલેજ રોડ,નારાયણ નગર અમદાવાદ - ૭

ફોન નં. ૯૮૨૫૧૬૯૩૮૬-

તંત્રીઃ રોબીન ધોળકીયા, મુદ્રક, પ્રકાશક, માલિક, રોબિન ધોળકીયા, ધર્મેશ પ્રિન્ટોરીયમ, નવી પોળ શાહપુર અમદાવાદ ૧ થી છાપી,
૨/૧૦ સોનિયા એપાર્ટ. પી ટી કોલેજ રોડ, નારાયણનગર, અમદાવાદ-૭ થી પ્રસિદ્ધ કર્યું.